# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 17-09-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર **હેમાંગીની સોનારા** વાંચે છે.

*****************************************************

1. સ્વસ્થ નારી સશક્ત પરિવાર અભિયાનનો મધ્યપ્રદેશના ધારથી આરંભ કરાવતા પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી.
2. ગુજરાત સહિત દેશભરમાં પ્રધાનમંત્રીના 75માં જન્મદિનની ઉજવણી નિમિત્તે આરોગ્ય કેમ્પ સહિતના વિવિધ કાર્યક્રમો.
3. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને પ્રધાનમંત્રીને તેમના જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી.
4. રિઝર્વ બેંકે ગ્રાહક સુરક્ષાને મજબૂત બનાવવા અને છેતરપિંડીને અટકાવવા ચુકવણી એગ્રીગેટર્સ માટે સુધારેલી માર્ગદર્શિકા જાહેર કરી.
5. બાંગ્લાદેશમાં, જમાત-એ-ઇસ્લામી અને અન્ય ઇસ્લામી રાજકીય પક્ષો દ્વારા વિરોધ કાર્યક્રમોની જાહેરાત કરાતા તણાવ વધ્યો.

.....................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

**હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....**

# MP- PM

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આજે મધ્યપ્રદેશના ધાર જિલ્લામાંથી રાષ્ટ્રવ્યાપી સ્વસ્થ નારી , સશક્ત પરિવાર અભિયાન અને 8મા રાષ્ટ્રીય પોષણ મહા અભિયાનનો આરંભ કરાવ્યો . આ પ્રસંગે શ્રી મોદીએ કહ્યું આ નવું ભારત કોઇની પરમાણુ ધમકીથી ડરશે નહીં.

(બાઇટ : PM-MODI-IN-DHAR-MP)

તેમણે 'આદી સેવા પર્વ'નું ઉદ્ઘાટન કર્યું. પ્રધાનમંત્રી ધાર જિલ્લાના ભૈન્સોલા ગામમાં ભારતના પ્રથમ 'પીએમ મિત્ર પાર્ક 'નું પણ ખાતમુહૂર્ત કર્યું . આ પાર્ક મધ્યપ્રદેશના કાપડ ઉદ્યોગને નવો વેગ આપશે અને યુવાનો માટે અંદાજે ત્રણ લાખ નવી રોજગારીની તક ઉભી કરશે.

. . . . . . . . .

# BLOOD DONATION CAMP IN STATE

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે આજે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદ દ્વારા રક્તદાન અમૃત મહોત્સવના બીજા તબક્કાની વિષયવસ્તુ હેઠળ વિશ્વની સૌથી મોટી મહા રક્તદાન શિબિરનું આયોજન કરાયું . શિબિરનું ઉદ્ઘાટન કરતાં ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું, પ્રધાનમંત્રીના "સેવા પરમો ધર્ મ"ના સંકલ્પથી પ્રેરિત આ ઐતિહાસિક પહેલ માનવતા પ્રત્યે કરુણા અને સામૂહિક જવાબદારીની ભાવનાને પ્રતિબિંબિત કરશે.

ઉલ્લેખનીય છે કે, આ અભિયાન હેઠળ 75 દેશમાં સાત હજાર 500થી વધુ રક્તદાન શિબિર યોજાઈ રહી છે. તેમાં ત્રણ લાખ એકમ રક્ત એકત્રિત કરવાનું લક્ષ્ય રખાયું છે.

સુરતમાં પણ પ્રધાનમંત્રીના જન્મદિવસ નિમિત્તે મહા આરોગ્ય શિબિર અને રક્તદાન શિબિર યોજાશે, જેમાં કેન્દ્રીય જળશક્તિ મંત્રી સી. આર. પાટિલ ઉપસ્થિત રહેશે.

બીજી તરફ, ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ રાજ્યભર માં 75 સ્થળે આયોજિત મેદસ્વિતા નિવારણ યોગ શિબિરનો શુભારંભ કરાવ્યો.

. . . . . . . . . .

# PM-BLOOD DONATION CAMP

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના જન્મદિવસ નિમિત્તે દેશભરમાં એક વિશાળ રક્તદાન ઝુંબેશનું આયોજન કરવામાં આવ્યું. માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે નવી દિલ્હીના આઈટીઓ ખાતે રક્તદાન કર્યું.

અખિલ ભારતીય તેરાપંથ યુવક પરિષદે એક જ દિવસમાં 3 લાખ યુનિટ રક્ત એકત્રિત કરવાના લક્ષ્ય સાથે દેશભરમાં 7 હજાર શિબિરોનું આયોજન કર્યું. પત્રકારો સાથે વાત કરતા અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ રાજકારણને સેવાના માધ્યમમાં પરિવર્તિત કર્યું છે.

**(બાઇટ - અશ્વિની વૈષ્ણવ)**

. . . . .

# PM-BIRTHDAY

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અને ઉપરાષ્ટ્રપતિ સી.પી. રાધાકૃષ્ણને પ્રધાનમંત્રીને તેમના જન્મદિવસની શુભેચ્છાઓ પાઠવી. સોશિયલ મીડિયા પોસ્ટમાં રાષ્ટ્રપતિએ જણાવ્યું હતું કે શ્રી મોદીએ તેમના અસાધારણ નેતૃત્વ દ્વારા દેશમાં સખત મહેનત દ્વારા મહાન લક્ષ્યો પ્રાપ્ત કરવાની સંસ્કૃતિ સ્થાપિત કરી છે.

ઉપરાષ્ટ્રપતિએ કહ્યું કે શ્રી મોદીના દૂરંદેશી નેતૃત્વ હેઠળ , ભારત વૈશ્વિક મંચ પર પોતાની છાપ છોડી રહ્યું છે અને એક વિકસિત રાષ્ટ્ર બનવા તરફ સતત આગળ વધી રહ્યું છે.

કેન્દ્રિય ગૃહમંત્રી અમિત શાહે સોશિયલ મીડિયા પોસ્ટમાં શ્રી મોદીને બલિદાન અને સમર્પણના પ્રતીક તરીકે વર્ણવ્યા હતા. તેમણે પ્રધાનમંત્રીને લાખો દેશવાસીઓ માટે પ્રેરણાસ્ત્રોત ગણાવ્યા હતા.

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે શ્રી મોદીને ટેલિફોન પર તેમના જન્મદિવસની શુભેચ્છા પાઠવી.

તેમજ બિહારના મુખ્યમંત્રી નીતિશ કુમાર , ઓડિશાના મુખ્યમંત્રી મોહન ચરણ માઝી, માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવ , વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલ પણ પ્રધાનમંત્રીને તેમના જન્મદિવસ પર શુભેચ્છાઓ પાઠવી.

. . . . . . . . . .

# RBI - GUIDELINES

રિઝર્વ બેંકે ગ્રાહક સુરક્ષાને મજબૂત બનાવવા અને છેતરપિંડીને અટકાવવા માટે ચુકવણી એગ્રીગેટર્સ **PA** માટે સુધારેલી માર્ગદર્શિકા જા હેર કરી છે. સ્પષ્ટ રિફંડ સમય મર્યાદા, મજબૂત ડેટા સુરક્ષા અને છેતરપિંડી નિવારણ પ્રણાલીઓ સાથે બોર્ડ-મંજૂર વિવાદ નિવારણને આ માર્ગદર્શિકા ફરજિયાત બનાવાઇ છે.

ડિજિટલ છેતરપિંડીના વધતા જોખમોને ઘટાડવા માટે , **PAs** એ છેતરપિંડી શોધ અને નિવારણ માટે સિસ્ટમો સાથે ડેટા સુરક્ષા માળખાગત સુવિધા સ્થાપિત કરવાનું **RBI** એ પણ ફરજિયાત બનાવ્યું છે ..

જ્યારે બેંકોને **PAs** તરીકે કામ કરવા માટે અધિકૃતતા મેળવવાથી મુક્તિ આપવામાં આવી છે , ત્યારે બિન-બેંક સંસ્થાઓએ **RBI** ના ઓનલાઈન પોર્ટલ દ્વારા અરજી કરવી આવશ્યક છે. અન્ય નાણાકીય ક્ષેત્રના નિયમનકારો દ્વારા નિયંત્રિત સંસ્થાઓએ પણ તે પ્રાપ્ત થયાના **45** દિવસની અંદરનો ઓબ્જેક્શન સર્ટિફિકેટ રજૂ કરવું આવશ્યક હોવાનું પરિપત્રમાં જણાવાયું છે.

. . . . . . . . . . . .

## SHAH- HYDERABAD LIBERATION DAY

ગૃહમંત્રી અમિત શાહે હૈદરાબાદ મુક્તિ દિવસની લોકોને શુભેચ્છાઓ પાઠવી છે. સોશિયલ મીડિયા પોસ્ટમાં તેમણે કહ્યું કે શહીદોની હિંમત અને તેમના સપના રાષ્ટ્રને પ્રગતિના શિખર સર કરવાની પ્રેરણા આપે છે . તેમણે કહ્યું કે લોકોએ ભારતને એક સંયુક્ત રાષ્ટ્ર તરીકે જોવા માટે માતૃભૂમિને નિઝા મ અને રઝાકારોના કબજામાંથી મુક્ત કરાવવા માટે અમાનવીય ક્રૂરતાનો સામનો કરવો પડ્યો . શ્રી શાહે ઉમેર્યું કે આ દિવસ ભૂતપૂર્વ રજવાડા હૈદરાબાદના લોકોની અદમ્ય દેશભક્તિની યાદ અપાવે છે , જેમાં હાલના તેલંગાણા , કર્ણાટક અને મરાઠવાડા ક્ષેત્રનો સમાવેશ થાય છે.

. . . . . .

# PUNJAB CENTRAL MINISTER

કેન્દ્રીય યુવા બાબતો અને રમતગમત રાજ્યમંત્રી રક્ષા નિખિલ ખડસેએ ખાતરી આપી છે કે પૂરગ્રસ્ત પંજાબમાં દરેક અસરગ્રસ્ત પરિવારને સહાય અપાશે અને દરેક ખેડૂતોને સાંભળીને તેનો કાયમી ઉકેલ લવાશે.

ગઈકાલે પટિયાલા જિલ્લાના પૂરગ્રસ્ત વિસ્તારોની સમીક્ષા કરનારા અને અસરગ્રસ્ત પરિવારો સાથે વાતચીત કરનારા મંત્રીએ જિલ્લા વહીવટીતંત્રને નુકસાનનો વિસ્તૃત અહેવાલ તૈયાર કરવાનો નિર્દેશ આપ્યો હતો.. જેથી સમયસર વળતર મળી શકે.

શ્રીમતી ખડસેએ ખેડૂતોને ખાતરી આપી હતી કે નદીઓમાંથી કાંપ કાઢવા , કાયમી પાળા બનાવવા અને પટિયાલા-પેહોવા રસ્તાના તાત્કાલિક સમારકામ માટેની કામગીરી કરાશે.. તાત્કાલિક રાહત અને લાંબા ગાળાના પૂર નિવારણ પગલાંની પણ વિચારણા કરાશે

કૃષિ રાજ્યમંત્રી ભગીરથ ચૌધરીએ , તરનતારનના પૂરગ્રસ્ત વિસ્તારોની પણ મુલાકાત લીધી હતી, ખેડૂતોને ખાતરી આપી હતી કે પંજાબ સરકાર તેમજ કેન્દ્રીય ટીમો તરફથી મૂલ્યાંકન અહેવાલો પ્રાપ્ત થયા પછી પૂર પીડિતોને મહત્તમ વળતર અપાશે.

. . .

# BANGLADESH PROTEST

બાંગ્લાદેશમાં, જમાત-એ-ઇસ્લામી અને અન્ય ઇસ્લામી રાજકીય પક્ષો દ્વારા વિરોધ કાર્યક્રમોની જાહેરાત કરવામાં આવતાં તણાવ વધ્યો છે.

ઇસ્લામી સંગઠનોએ આગામી દિવસોમાં રેલીઓ, સરઘસો અને પ્રદર્શનોની જાહેરાત કરી છે, જેમાં તેમની મુખ્ય માંગ સંસદીય ચૂંટણીઓમાં પ્રમાણસર પ્રતિનિધિત્વ પ્રણાલી રજૂ કરવાની છે. સુરક્ષા એજન્સીઓને અથડામણ થવાનો ડર સતાવી રહ્યો છે..

. . . . . . . . . . .

# TN FINANCE COMMISSION

કેન્દ્ર સરકારે તમિલનાડુ અને આસામમાં ગ્રામીણ સ્થાનિક સંસ્થાઓ માટે 15મા નાણા પંચની 342 કરોડ રૂપિયાથી વધુની ગ્રાન્ટ જારી કરી છે.

કેન્દ્રીય પંચાયતી રાજ મંત્રાલયે જણાવ્યું હતું કે, 2025-26 માટે તમિલનાડુ માટે 127 કરોડ રૂપિયાથી વધુનો પહેલો હપ્તો અને આસામ માટે 214 કરોડ રૂપિયાથી વધુની જારી કરવામાં આવી છે. આ ગ્રાન્ટનો ઉપયોગ સ્વચ્છતા અને ODF સ્થિતિ જાળવણી, ઘરગથ્થુ કચરાનું સંચાલન અને સારવાર , પીવાના પાણીની સપ્લાય , વરસાદી પાણીનો સંગ્રહ અને પાણીના રિસાયક્લિંગ જેવી મૂળભૂત સેવાઓ માટે કરવામાં આવશે.

. . . . . .